

# વસ્તી ગણતરી દરેક પેઢીની ગણતરી કરે છે.

દર 10 વર્ષે, યુનાઈટેડ સ્ટેટ્સ દેશમાં રહેનારા દરેકની, આપણામાં નવા જન્મેલા બાળકોથી લઈને વૃદ્ધ સુધીની ગણતરી કરે છે. 2020 ની વસ્તી ગણતરી પુર્ણ કરવી દરેક માટે અગત્યનું છે જેથી તમારા જેવા સમુદાયોને ચોક્કસ ભંડોળ આપવામાં આવે અને તેનું પ્રતિનિધિત્વ થઈ શકે.

## જવાબ આપવો મહત્વપૂર્ણ છે.

2020 ની વસ્તી ગણતરી આગામી દાયકા સુધી સમુદાયના ભંડોળ અને કોંગ્રેસના પ્રતિનિધિત્વને પ્રભાવિત કરશે. વસ્તી ગણતરીમાં એકત્રિત કરવામાં આવેલી માહિતી, દર વર્ષે રાજ્યો અને સમુદાયો માટેના સંઘીય ભંડોળમાં $675 અબજથી વધુની ફાળવણી માટે સુચિત કરશે. આમાં નીચેના જેવી વસ્તુ માટેના નાણાંનો સમાવેશ થાય છે:

- › પ્રથમ પ્રતિભાવક
- › મેડિકેર ભાગ બી
- › વૃદ્ધ કાર્યક્રમ માટે સહાયક આવાસ
- › પુસ્તકાલયો અને સમુદાય કેન્દ્રો
- › પુરક પોષણ સહાય કાર્યક્રમ (SNAP)
- › વરિષ્ઠ સમુદાય સેવા રોજગાર કાર્યક્રમ

## જવાબ આપવો સરળ છે.

માર્ચ 2020 ના મધ્યભાગની શરૂઆતથી, તમે ઓનલાઈન, ફોન દ્વારા અથવા મેઈલ દ્વારા વસ્તી ગણતરીનો જવાબ આપી શકો છો. સૌથી વધુ સુવિધાજનક વિકલ્પ તમારા માટે પસંદ કરો. વિનંતી પર પ્રશ્નાવલી માટે મોટી-પ્રિન્ટવાળી માર્ગદર્શિકાઓ ઉપલબ્ધ છે. મેથી જુલાઈ 2020 સુધી, વસ્તી ગણતરી કરનારાઓ એવા ઘરોની મુલાકાત લેશે જેણે હજી સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. જો તમને તમારૂં ફોર્મ ભરવામાં સહાયની જરૂર હોય તો વસ્તી ગણતરી કરનાર સહાય કરી શકે છે.

## જવાબ આપવા સલામત છે.

તમારી વ્યક્તિગત માહિતી કાયદા દ્વારા ગુપ્ત રાખવામાં આવે છે. તમારા જવાબોનો ઉપયોગ ફક્ત આંકડા તૈયાર કરવા માટે થઈ શકે છે. તેને કાયદા અમલીકરણ એજન્સીઓ સાથે શેર કરી શકાતા નથી અથવા કોઈ પણ સરકારી એજન્સી અથવા કોર્ટ દ્વારા કોઈ પણ રીતે તમારા વિરૂધ્ધ ઉપયોગ કરી શકાતો નથી.

વધુ માહિતી માટે મુલાકાત લો:

**2020CENSUS.GOV**

Shape
your future
START HERE >

United States®
Census
2020

D-OP-EL-EN-125